Subject : ગણિત
Standard : ધોરણ 6
Chapter : 9
Name : _______________

# પે.સે.કુમાર શાળા રાણા વડવાળા
## તા. રાણાવાવ, જિ. પોરબંદર


Exam Time : 1 Hour
Date : 20/05/2020
Marks : 50
Roll No. : ____________

---

### SECTION - A

**➽ યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો** (Marks - 05)

1. માહિતીના કેટલા પ્રકાર છે ?
   A. 1 B. 2 C. 3 D. 4
2. પોતાના દ્વારા એકત્રિત કરેલ માહિતીને શું કહેવાય ?
   A. પ્રાથમિક માહિતી B. ગૌણ માહિતી C. આવૃત્તિ D. એક પણ નહિ
3. ચિત્ર-આલેખમાં માહિતી શેના દ્વારા દર્શાવાય છે ?
   A. આવૃત્તિ B. લંબ આલેખ C. ચિત્ર D. વર્ગ
4. નીચે આપેલ આકૃતિ એ કેટલી આવૃત્તિ દર્શાવતો હશે ?



   A. 5 B. 4 C. 7 D. 6
5. જૂથમાં દર્શાવેલ માહિતીની સંખ્યાને શું કહેવાય ?
   A. આવૃત્તિ B. પ્રાથમિક માહિતી C. ગૌણ માહિતી D. એક પણ નહિ

**➽ નીચેના વિધાનો સાચાં બને તે રીતે ખાલી જગ્યા પૂરો** (Marks - 03)


6. સમાચારપત્રકમાંથી મેળવેલ માહિતી ............... માહિતી છે.
7. માહિતીની સરળ ગણતરી માટે ........... મેળવવામાં આવે છે.
8. લંબ આલેખમાં બે સ્તંભ વચ્ચેની ઊંચાઈ ................ હોવી જોઈએ.

**➽ નીચેના દાખલા ગણો (દરેકના એક એક ગુણ)** (Marks - 03)

9. ગૌણ માહિતી એટલે શું ?
10. ચિત્ર-આલેખ અને લંબ આલેખમાંથી માહિતીની સરળ રજૂઆત શેમાં થાય છે ?
11. માહિતી એટલે શું ?


### SECTION - B

**➽ નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો** (Marks - 39)

12.  એ ........... આવૃત્તિ દર્શાવે છે.

BHAVDIP VADHER (E-LEARNING)


13. 1998 થી 2002 દરમિયાન સરકારે ખરીદેલ ઘઉંનો જથ્થો દર્શાવતો લંબ આલેખ નીચે આપેલ છે :
લંબ આલેખ વાંચી તમારાં અવલોકનો લખો કે કયા વર્ષમાં
(i) ઘઉંનું ઉત્પાદન સૌથી વધુ હતું ?
(ii) ઘઉંનું ઉત્પાદન સૌથી ઓછું હતું ?




14. સહશિક્ષણ આપતી એક મધ્યમ શાળા(મીડલ સ્કૂલ)ની દરેક શ્રેણીમાં છોકરીઓની સંખ્યા આપેલ ચિત્ર આલેખમાં ચિત્રિત કરેલ છે:
આ ચિત્ર આલેખનું અવલોકન કરી નીચેના પ્રશ્નોના જવાબ આપો :
(a) કઈ શ્રેણીમાં સૌથી ઓછી સંખ્યામાં છોકરીઓ હશે ?
(b) શું શ્રેણી 6 માં શ્રેણી 5 કરતાં છોકરીઓની સંખ્યા ઓછી છે ?
(c) શ્રેણી 7 માં છોકરીઓની સંખ્યા કેટલી હશે ?




15. એક ગામમાં ફળોના છ વેપારીઓએ નીચે પ્રમાણે ફળોની પેટીઓ ખાસ ઋતુમાં વેચી :
આપેલ ચિત્ર આલેખનું અવલોકન કરી નીચેના પ્રશ્નોના જવાબ આપો :
(a) કયા વેપારીએ સૌથી વધુ સંખ્યામાં પેટીઓ વેચી ?
(b) અનવર દ્વારા ફળોની કેટલી પેટીઓ વેચવામાં આવી ?
(c) 600 થી વધારે પેટીઓ વેચનાર વેપારીઓને હવે પછીની ઋતુમાં વખાર ખરીદવાનું આયોજન છે. તમે તેમનું નામ આપી શકશો?




16. અમેરિકાના એક શહેરમાં વર્ષ 2014 ના એપ્રિલ માસમાં થયેલા મોટર અકસ્માતની સંખ્યા નીચે આપી છે. આ માહિતી પરથી આવૃત્તિ-વિતરણ કોષ્ટક તૈયાર કરો:

6, 5, 5, 4, 6, 3, 2, 4, 3, 2, 5, 5, 3, 2, 1, 0, 1, 6, 7, 8, 9, 6, 10, 8, 9, 8, 7, 6, 5, 6

17. એક શાળાના 30 વિદ્યાર્થીઓની એક બુદ્ધિકસોટીમાં A, B, C, D, E એમ પાંચ ઉત્તીર્ણકક્ષાઓ આપવામાં આવી. આ 30 વિદ્યાર્થીઓએ મેળવેલી કક્ષા નીચે પ્રમાણે છે :

A, C, D, E, B, E, C, C, C, B, A, B, C, D, D, B, C, D, D, E, A, D, E, B, D, C, B, C, A, A

વિદ્યાર્થીઓએ મેળવેલ ઉત્તીર્ણકક્ષાનું આવૃત્તિ-વિતરણ તૈયાર કરો.

18. 40 કુટુંબોમાં બાળકોની સંખ્યા નીચે મુજબ છે. તે પરથી આવૃત્તિ-વિતરણ તૈયાર કરો :

1, 2, 4, 2, 0, 6, 3, 2, 1, 3, 3, 1, 1, 3, 1, 4, 3, 3, 1, 2, 1, 4, 2, 1, 1, 7, 8, 6, 1, 7, 1, 3, 2, 0, 3, 4, 2, 2, 7, 0

BHAVDIP VADHER (E-LEARNING)

19. એક બગીચામાં ગુલાબના 40 છોડવાઓ પર ફૂલોની સંખ્યા નીચે મુજબ છે. તે પરથી આવૃત્તિ-કોષ્ટક તૈયાર કરો :

4, 2, 5, 3, 6, 2, 3, 4, 1, 2, 5, 0, 4, 7, 1, 3, 5, 6, 4, 2, 3, 4, 2, 3, 3, 5, 4, 1, 2, 4, 3, 6, 5, 4, 3, 5, 3, 2, 4, 3

20. કૈલાસ 40 વખત પાસો ફેંકે છે અને દરેક વખત પાસાની ઉપર આવતા અંકની નોંધ કરે છે. આ નોંધ નીચે પ્રમાણે છે. માહિતીને આવૃત્તિ-કોષ્ટકમાં રજૂ કરો :


5, 6, 6, 3, 5, 4, 1, 6, 1, 3, 3, 4, 6, 1, 5, 5, 6, 1, 2, 5, 2, 3, 5, 2, 4, 5, 5, 6, 1, 2, 6, 2, 3, 5, 2, 4, 1, 5, 5, 1

21. ભારતમાં એક રાજયમાં 2011 થી 2015 સુધીના વર્ષોમાં રાજ્ય સરકારે ખરીદેલ ડાંગરનો જથ્થો દર્શાવતો લંબ આલેખ નીચે પ્રમાણે છે.લંબ આલેખ પરથી નીચેના પ્રશ્નોના જવાબ આપો :

(1) કયા વર્ષોમાં ડાંગરની ખરીદી સરખી થઈ છે?

(2) કયા વર્ષે ડાંગરની ખરીદી સૌથી ઓછી કરી છે? કેટલી ?

(3) કયા વર્ષે ડાંગરની ખરીદી સૌથી વધુ થઈ છે? કેટલી ?




22. એક કંપનીના 50 કર્મચારીઓની ધંચા નીચે મુજબ છે. તે માટે આવૃત્તિ કોષ્ટક દોરો :

6.0, 5.5, 5.6, 5.1, 5.0, 5.9, 5.8, 5.9, 5.8, 6.0, 5.2, 5.1, 5.3, 5.5, 5.4, 5.7, 5.0, 5.5, 5.9, 5.7, 5.8, 5.2, 5.3, 5.9, 6.0, 5.4, 5.7, 5.8, 5.1, 5.9, 6.0, 6.0, 5.3, 5.1, 5.7, 5.9, 5.6, 5.6, 6.0, 5.7, 5.3, 5.4, 5.2, 5.8, 5.9, 5.9, 6.0, 5.1, 5.1, 5.2

23. ગણિતની એક કસોટીમાં 40 વિદ્યાર્થીઓએ મેળવેલ ગુણ નીચે પ્રમાણે છે : આવૃત્તિ-ચિહ્નનો ઉપયોગ કરીને આ ગુણ કોષ્ટકમાં ગોઠવો :

8 1 3 7 6 5 5 4 4 2 4 9 5 3 7 1 6 5 2 7 7 3 8 4 2 8 9 5 8 6 7 4 5 6 9 6 4 4 6 6

(a) કેટલા વિદ્યાર્થીઓએ 7 કે 7 થી વધુ ગુણ મેળવ્યા હશે ? (b) 4 થી ઓછા ગુણ કેટલા વિદ્યાર્થીઓએ મેળવ્યા હશે ?


24. શ્રેણી-6 ના 30 વિદ્યાર્થીઓની મીઠાઈની પસંદગી નીચે પ્રમાણે દર્શાવેલ છે :

લાડુ, બરફી, લાડુ, જલેબી, લાડુ, રસગુલ્લા, જલેબી, લાડુ, બરફી, રસગુલ્લા, લાડુ, જલેબી, જલેબી, રસગુલ્લા, લાડુ, રસગુલ્લા, જલેબી, લાડુ, રસગુલ્લા, લાડુ, લાડુ, બરફી, રસગુલ્લા, રસગુલ્લા, જલેબી, રસગુલ્લા, લાડુ, રસગુલ્લા, જલેબી, લાડુ


(a) આવૃત્તિ-ચિહ્નો ઉપયોગ કરીને મીઠાઈ કોષ્ટકમાં ગોઠવો. (b) કઈ મીઠાઈ વિદ્યાર્થીઓને સૌથી વધુ પસંદ છે ?

BHAVDIP VADHER (E-LEARNING)

25. લંબ આલેખનું અવલોકન કરો. જે અઝીઝે અર્ધવાર્ષિક પરીક્ષામાં જુદા જુદા વિષયમાં મેળવેલ માર્કસ દર્શાવે છે :
હવે, નીચેના પ્રશ્નોના જવાબ આપો :
(a) લંબ આલેખ કઈ માહિતી આપે છે ?
(b) અઝીઝે સૌથી વધુ માર્કસ મેળવ્યા છે, તે વિષય લખો.
(c) અઝીઝે સૌથી ઓછા માર્કસ મેળવ્યા છે, તે વિષય લખો.
(d) દરેક વિષયનાં નામ અને દરેકમાં મેળવેલ માર્કસ લખો.




26. સૌરભે એક પરીક્ષામાં જુદા જુદા વિષયોમાં મેળવેલા ગુણનો લંબ આલેખ નીચે દર્શાવ્યો છે.તે પરથી આપેલા પ્રશ્નોનાં જવાબ લખો :
(1) સૌરભે કયા વિષયમાં અન્ય વિષયો કરતાં વધુ ગુણ મેળવ્યા છે ?
(2) સૌરભે સૌથી ઓછા ગુણ કયા વિષયમાં મેળવ્યા છે?
(3) સૌરભે 72 ગુણ કયા વિષયમાં મેળવ્યા છે?
(4) સૌરભે કયા બે વિષયોમાં સરખા ગુણ મેળવ્યા છે?





27. ચાણસ્માની પી. પી. હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ શાળાના પટાંગણમાં નીચે પ્રમાણેના છોડ રોપ્યા. આપેલી માહિતીનો લંબ આલેખ દોરો :


| છોડ | લીમડો | પીપળો | આંબો | ગુલમહોર | આસોપાલવ |
|---|---|---|---|---|---|
| છોડની સંખ્યા | 46 | 62 | 34 | 44 | 72 |

28. કેથરિન 40 વખત પાસો ફેંકે છે અને દરેક વખતે તેના પર દેખાતો અંક નોંધે છે, જે નીચે દર્શાવેલ છે :
1 3 5 6 6 3 5 4 1 6 2 5 3 4 6 1 5 5 6 1 1 2 2 3 5 2 4 5 5 6 5 1 6 2 3 5 2 4 1 5
આવૃત્તિ-ચિહ્નનો ઉપયોગ કરી આપેલી માહિતીનું કોષ્ટક બનાવો અને દેખાતા અંક શોધો. (a ) સૌથી નાનો અંક કેટલી વખત ? (b) સૌથી મોટો અંક કેટલી વખત ? (c) સરખી વખત દેખાયા હોય તેવા અંક શોધો.

29. નીચે પાંચ ગામમાં રહેલાં ટ્રેક્ટરની સંખ્યા દર્શાવતો ચિત્ર આલેખ આપેલ છે :
આ ચિત્ર આલેખનું અવલોકન કરી નીચેના પ્રશ્નોના જવાબ આપો.
(i) કયા ગામમાં સૌથી ઓછી સંખ્યામાં ટ્રેક્ટર છે ?
(ii) કયા ગામમાં સૌથી વધારે સંખ્યામાં ટ્રેક્ટર છે ?
(iii) B ગામની સરખામણીમાં C ગામમાં કેટલાં વધારે ટ્રેક્ટર છે ?
(iv) આ પાંચ ગામમાં કુલ કેટલાં ટ્રેક્ટર છે ?




30. અઠવાડિયાના જુદા જુદા દિવસે બલ્બનું થયેલું વેચાણ નીચે દર્શાવેલ છે :
આપેલા ચિત્ર આલેખ પરથી આપણે કઈ બાબતો જાણી શકીએ ? આ ચિત્ર આલેખનું અવલોકન કરી નીચેના પ્રશ્નોના જવાબ આપો:
(a) શુક્રવારે કેટલા બલ્બ વેચવામાં આવ્યા છે
(b) કયા દિવસે સૌથી વધુ બલ્બ વેચવામાં આવ્યા ?
(c) કયા કયા દિવસે સરખી સંખ્યામાં બલ્બ વેચવામાં આવ્યા ?
(d) કયા કયા દિવસે સૌથી ઓછા બલ્બ વેચાયા ?
(e) એક બૉક્સમાં 9 બલ્બ હોય, તો તે અઠવાડિયા દરમિયાન કેટલાં બૉક્સની જરૂર પડે ?




31. પાંચ ગામનાં પ્રાણીઓની સંખ્યા નીચે મુજબ છે :
ગામ A : 80 ગામ B : 120 ગામ C : 90 ગામ D : 40 ગામ E : 60
એક ચિહ્ન ▯ 10 પ્રાણીઓ દર્શાવે તે રીતે આ પ્રાણીઓનો ચિત્ર આલેખ તૈયાર કરી નીચેના પ્રશ્નોના જવાબ આપો :
(a) ગામ E માટે કેટલા ચિહ્ન દર્શાવવા પડશે ? (b) કયા ગામમાં સૌથી વધુ પ્રાણીઓ છે? (c) કયાં ગામમાં વધુ પ્રાણીઓ છે ? ગામ A કે ગામ C માં ?

32. નીચેના કોષ્ટકમાં શાળામાં જુદા જુદા વર્ષમાં વિદ્યાર્થીઓની સંખ્યા દર્શાવેલ છે :
A. એક ચિહ્ન 100 વિદ્યાર્થીઓ દર્શાવે તે રીતે આ વિદ્યાર્થીઓનો ચિત્ર આલેખ તૈયાર કરી નીચેના પ્રશ્નોના જવાબ આપો:
(a) 2002 ની સાલના વિદ્યાર્થીઓ દર્શાવવા માટે કેટલાં ચિહ્નની જરૂર પડશે ?
(b) 1998ની સાલના વિદ્યાર્થીઓ દર્શાવવા માટે કેટલાં ચિહ્નની જરૂર પડશે ?

| વર્ષ | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|
| 1996 | 400 |
| 1998 | 535 |
| 2000 | 472 |
| 2002 | 600 |
| 2004 | 623 |

BHAVDIP VADHER (E-LEARNING)

33. નીચેના કોષ્ટકમાં શાળામાં જુદા જુદા વર્ષમાં વિદ્યાર્થીઓની સંખ્યા દર્શાવેલ છે :

A. એક ચિહ્ન 🯅 50 વિદ્યાર્થીઓ દર્શાવે તે રીતે આ વિદ્યાર્થીઓનો ચિત્ર આલેખ તૈયાર કરી નીચેના પ્રશ્નોના જવાબ આપો:

(a) 2002 ની સાલના વિદ્યાર્થીઓ દર્શાવવા માટે કેટલાં ચિહ્નની જરૂર પડશે ?

(b) 1998ની સાલના વિદ્યાર્થીઓ દર્શાવવા માટે કેટલાં ચિહ્નની જરૂર પડશે ?

| વર્ષ | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|
| 1996 | 400 |
| 1998 | 535 |
| 2000 | 472 |
| 2002 | 600 |
| 2004 | 623 |

34. લંબ આલેખનું અવલોકન કરો કે જે સોમવારથી શનિવાર સુધીમાં તૈયાર વસ્ત્રની દુકાનમાંથી વેચેલાં 'શર્ટ' દર્શાવે છે:

હવે, નીચેના પ્રશ્નોના જવાબ આપો :


(a) ઉપરનો લંબ આલેખ કઈ માહિતી આપે છે ?

(b) શર્ટની સંખ્યા દર્શાવવા માટે આડી હરોળ પર કયું પ્રમાણમાપ પસંદ કરેલ છે ?

(c) કયા દિવસે સૌથી વધુ શર્ટનું વેચાણ થયું છે? તે દિવસે કેટલા શર્ટ વેચાયાં?

(d) કયા દિવસે સૌથી ઓછી સંખ્યામાં શર્ટ વેચાયાં ?

(e) ગુરુવારે કેટલા શર્ટ વેચાયાં ?




35.

શાળાના 120 વિદ્યાર્થીઓ ફ્રી તાસમાં કઈ પ્રવૃત્તિ પસંદ કરે છે, તેનો સર્વે કરવામાં આવ્યો. એક એકમ લંબાઈ = 5 વિદ્યાર્થીઓ લઈ ઉપર દર્શાવેલ માહિતીનો લંબ આલેખ દોરો. કઈ પ્રવૃતિને વિદ્યાર્થીઓ રમત સિવાય વધુ પસંદ કરે છે?

| પસંદગીની પ્રવૃત્તિ | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|
| રમવું | 45 |
| વાર્તાની ચોપડી વાંચવી | 30 |
| ટીવી જોવું | 20 |
| સંગીત સાંભળવું | 10 |
| ચિત્ર દોરવું | 15 |

36. એક દુકાનદાર સળંગ છ દિવસ દરમિયાન વેચેલ ગણિતની ચોપડીઓની માહિતી નીચે દર્શાવેલ છે :

| દિવસ | રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર |
|---|---|---|---|---|---|---|
| વેચેલ ચોપડીની સંખ્યા | 65 | 40 | 30 | 50 | 20 | 70 |

તમારી પસંદગીનું પ્રમાણમાપ લઈ ઉપરની માહિતીનો બારગ્રાફ દોરો.

37. નીચેનું કોષ્ટક એક ફેક્ટરીમાં વર્ષ 1998 થી 2002 દરમિયાન તૈયાર કરેલ સાઇકલની સંખ્યા દર્શાવે છે. તમારી પસંદગીનું માપ લઈ આપેલી માહિતી માટે લંબ આલેખ દોરો :

(a) કયા વર્ષમાં સૌથી વધુ સાઇકલ તૈયાર કરવામાં આવું હતી ?

(b) કયા વર્ષમાં સૌથી ઓછી સાઇકલ તૈયાર કરવામાં આવે હતી ?

| વર્ષ | તૈયાર કરેલ સાઇકલની સંખ્યા |
|---|---|
| 1998 | 800 |
| 1999 | 600 |
| 2000 | 900 |
| 2001 | 1100 |
| 2002 | 1200 |

BHAVDIP VADHER (E-LEARNING)

38. એક શહેરના જુદા જુદા વયજૂથની સંખ્યા ધરાવતી વ્યક્તિઓની સંખ્યા દર્શાવતું કોષ્ટક નીચે આપેલ છે :

| વયજૂથ | 1-14 | 15-29 | 30-44 | 45-59 | 60-74 | 75 અને તેથી વધુ |
|---|---|---|---|---|---|---|
| વ્યક્તિની સંખ્યા | 2 લાખ | 1 લાખ 60 હજાર | 1 લાખ 20 હજાર | 1 લાખ 20 હજાર | 80 હજાર | 40 હજાર |

ઉપરની માહિતીને આધારે લંબ આલેખ તૈયાર કરી નીચેના પ્રશ્નોના જવાબ આપો : (1 એકમ લંબાઈ = 20 હજાર વ્યક્તિ લો.)

(a) તો કયા બે વયજૂથમાં સરખી વસ્તી હશે ?

(b) 60 અને તથી વધારે ઉંમર ધરાવતી બધી વ્યક્તિઓને સિનિયર સિટીઝન કહેવામાં આવે છે. આ શહેરમાં કેટલા સિનિયર સિટીઝન છે ?

39. છોકરીઓની એક શાળામાં ધોરણ પ્રમાણે છોકરીઓની સંખ્યાની માહિતી નીચે આપી છે. માહિતીનો ચિત્ર આલેખ તૈયાર કરો :

| ધોરણ | I | II | III | IV | V | Vi | VII | VIII | IX | X |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| છોકરીઓની સંખ્યા | 220 | 200 | 180 | 150 | 130 | 120 | 100 | 80 | 70 | 60 |

40. અંગ્રેજીની 10 ગુણની એક કસોટીમાં 40 વિદ્યાર્થીઓએ મેળવેલા ગુણની માહિતી નીચે દર્શાવી છે. માહિતીને આવૃત્તિ-કોષ્ટક દ્વારા દર્શાવો :

6, 5, 5, 4, 4, 2, 8, 1, 3, 7, 7, 1, 6, 5, 2, 7, 4, 9, 5, 3, 2, 8, 9, 5, 8, 6, 7, 3, 8, 4, 9, 6, 4, 4, 6, 6, 7, 4, 5, 6

(1) કેટલા વિદ્યાર્થીઓએ 8 કે 8થી વધુ ગુણ મેળવ્યા છે?

(2) કેટલા વિદ્યાર્થીઓએ 5 કે 5થી ઓછા ગુણ મેળવ્યા છે?

41. એક વર્ગના 40 વિદ્યાર્થીઓની ફળની પસંદગી નીચે પ્રમાણે છે.આવૃત્તિ- ચિહ્નોનો ઉપયોગ કરીને માહિતીને આવૃતિ-કોષ્ટકમાં રજૂ કરો :

કેરી, પપૈયું, કેરી, જામફળ, કેરી, ચીકુ, સફરજન, કેરી, બોર, સફરજન, ચીકુ, કેરી, જામફળ, કેરી, પપૈયું, સફરજન, કેરી, સફરજન, કેરી, કેરી, કેરી, ચીકુ, કેરી, બોર, ચીકુ, સફરજન, ચીકુ, પપૈયું, જામફળ, સફરજન, બોર, જામફળ, પપૈયું, ચીકુ, કેરી, સફરજન, જામફળ, જામફળ, સફરજન, ચીકુ

42. ફ્રૂટ માર્કેટમાં છ વેપારીઓ પાસે કેરીની પેટીની સંખ્યા નીચે પ્રમાણે છે : □ = 100 કેરીની પેટીનું ચિત્ર લઈ માહિતીનો ચિત્ર આલેખ બનાવો.

| વેપારી | મોહન | નવીન | સુરેશ | હરેશ | મુકેશ | દિનેશ |
|---|---|---|---|---|---|---|
| કેરીની પેટીની સંખ્યા | 800 | 700 | 500 | 900 | 400 | 600 |

43. છ ગામમાં ગાયોની સંખ્યા નીચે દર્શાવ્યા પ્રમાણેની છે : □ = 50 ગાયનું ચિત્ર લઈ માહિતીનો ચિત્ર આલેખ બનાવો.


| ગામ | ગામ A | ગામ B | ગામ C | ગામ D | ગામ E | ગામ F |
|---|---|---|---|---|---|---|
| ગાયની સંખ્યા | 400 | 550 | 225 | 300 | 250 | 200 |

44. હિમાંશુ બુક સ્ટોર્સમાં આ અઠવાડિયામાં વેચાયેલાં પુસ્તકોની માહિતી નીચે આપી છે : □ = 10 પુસ્તકનું ચિત્ર લઈ માહિતીનો ચિત્ર આલેખ બનાવો.

| વાર | સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરુવાર | શુક્રવાર | શનિવાર | રવિવાર |
|---|---|---|---|---|---|---|---|
| વેચાયેલા પુસ્તકો | 80 | 60 | 75 | 85 | 70 | 50 | 45 |

BHAVDIP VADHER (E-LEARNING)

45. નીચેના ચિત્ર આલેખનો અભ્યાસ કરો અને માગેલા પ્રશ્નોના જવાબ આપો : સ્ટેડિયમ કેમિસ્ટ - નવરંગપુરા, અમદાવાદ.
(1) કયા દિવસે સૌથી વધારે વકરો થયો છે? કેટલો?
(2) કયા દિવસે સૌથી ઓછો વકરો થયો છે? કેટલો ?
(3) કયા દિવસોએ સરખો વકરો થયો છે? કેટલો?
(4) મંગળવારનો વકરો કેટલો છે?
(5) શનિવારનો વકરો કેટલો છે?




46. ક્રિકેટની એક રમતમાં જુદા જુદા ખેલાડીઓએ કરેલા રન નીચે પ્રમાણે છે. માહિતીનો લંબ આલેખ તૈયાર કરો : Y-અક્ષ પર પ્રમાણમાપ 1 સેમી = 10 રન લો.

| ખેલાડી | અક્ષય | પાર્થ | રિધમ | ધ્રુવ | ઉમેશ | ભાવિક |
|---|---|---|---|---|---|---|
| કરેલા રન | 85 | 90 | 65 | 75 | 80 | 60 |

47. છ મિત્રોના વજન નીચે પ્રમાણે છે. માહિતીનો લંબ આલેખ તૈયાર કરો : Y-અક્ષ પર પ્રમાણમાપ 1 સેમી = 5 કિગ્રા લો.


| મિત્ર | રવિ | કવિ | સની | ઋષિ | મોનુ | ચીન્ટુ |
|---|---|---|---|---|---|---|
| વજન (કિગ્રા) | 48 | 52 | 64 | 58 | 60 | 62 |

48. એક વર્ષે કોઈ વર્ષે કોઈ એક દિવસે કેટલાંક શહેરોનું તાપમાન નીચે પ્રમાણે છે. માહિતીનો લંબ આલેખ તૈયાર કરો : પ્રમાણમાપ 1 સેમી = 5 °સે. તાપમાન લો.

| શહેર | શ્રીનગર | અમદાવાદ | મુંબઈ | બેંગલુરુ | દિલ્હી | જોધપુર |
|---|---|---|---|---|---|---|
| તાપમાન (સેલ્સિયસ) | 24 | 40 | 31 | 33 | 41 | 42 |

49. એક વર્ષે કોઈ એક પબ્લિશરે તૈયાર કરીને વેચેલાં પુસ્તકોની માહિતી નીચે પ્રમાણે છે. માહિતીનો લંબ આલેખ તૈયાર કરો : Y-અક્ષ પર 1 સેમી = 1000 પુસ્તક લો.

| વિષય | અંગ્રેજી | ગુજરાતી | હિન્દી | સંસ્કૃત | સા. વિજ્ઞાન | ગણિત | વિજ્ઞાન |
|---|---|---|---|---|---|---|---|
| પુસ્તકોની સંખ્યા(હજારમાં) | 65 | 52 | 48 | 45 | 72 | 84 | 78 |

50.



## Best Of Luck

BHAVDIP VADHER (E-LEARNING)

Subject : ગણિત
Standard : ધોરણ 6
Chapter : 9

# ANSWERS

Exam Time : 1 Hour
Date : 20/05/2020
Marks : 50

## SECTION - A

**➽ યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો** (Marks - 05)

1. 2
2. પ્રાથમિક માહિતી
3. ચિત્ર
4. 6
5. આવૃત્તિ

**➽ નીચેના વિધાનો સાચાં બને તે રીતે ખાલી જગ્યા પૂરો** (Marks - 03)

6. ગૌણ
7. તાળો
8. સરખી

**➽ નીચેના દાખલા ગણો (દરેકના એક એક ગુણ)** (Marks - 03)

9. બીજા દ્વારા એકત્રિત કરેલ માહિતી પરથી મેળવેલ માહિતીને ગૌણ માહિતી કહે છે.
10. ચિત્ર-આલેખ અને લંબ આલેખમાંથી માહિતીની સરળ રજૂઆત સ્તંભ-આલેખમાં થાય છે.
11. સંખ્યાના એકત્રીકરણને માહિતી કહે છે.

## SECTION - B

**➽ નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો** (Marks - 39)

12. 9
13. (i) વર્ષ 2002 માં, ઘઉંનું ઉત્પાદન સૌથી વધુ હતું.
    (ii) વર્ષ 1998 માં, ઘઉંનું ઉત્પાદન સૌથી ઓછું હતું.
14. (a) વર્ગ VIII માં સૌથી ઓછી સંખ્યામાં છોકરીઓ હશે.
    (b) ના, શ્રેણી 6 માં શ્રેણી 5 કરતાં છોકરીઓની સંખ્યા ઓછી નથી.
    (c) શ્રેણી 7 માં છોકરીઓની સંખ્યા 12 હશે.
15. (a) વેપારી માર્ટિન સૌથી વધુ સંખ્યામાં પેટીઓ વેચી.
    (b) અનવર દ્વારા 700 ફળોની પેટીઓ વેચવામાં આવી.
    (c) અનવર, માર્ટિન અને રણજિતસિંઘ, હવે પછીની ઋતુમાં વખાર ખરીદશે.

16.

| અકસ્માતની સંખ્યા | 0 | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| આવૃતિ | 1 | 2 | 3 | 3 | 2 | 5 | 6 | 2 | 3 | 2 | 1 | 30 |

17.

| ગ્રેડ | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| વિદ્યાર્થીઓ | 5 | 6 | 8 | 7 | 4 |

18.

| બાળક | 0 | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
|---|---|---|---|---|---|---|---|---|---|
| કુટુંબ | 3 | 11 | 8 | 8 | 4 | 0 | 2 | 3 | 1 |

19.

| ફૂલ | 0 | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 |
|---|---|---|---|---|---|---|---|---|
| છોડ | 1 | 3 | 7 | 10 | 9 | 6 | 3 | 1 |

BHAVDIP VADHER (E-LEARNING)

20.

| અંક | 1 | 2 | 3 | 4 | 5 | 6 |
|---|---|---|---|---|---|---|
| આવૃતિ | 7 | 6 | 5 | 4 | 11 | 7 |

21. (1) વર્ષ 2013 અને વર્ષ 2014 માં (2) વર્ષ 2011,20 હજાર ટન (3) વર્ષ 2015, 35 હજાર ટન

22.

| ઊંચાઈ | તાળો મેળવવો | કર્મચારીની સંખ્યા |
|---|---|---|
| 5.0 | \|\| | 2 |
| 5.1 | 卌 \| | 6 |
| 5.2 | \|\|\|\| | 4 |
| 5.3 | \|\|\|\| | 4 |
| 5.4 | \|\|\| | 3 |
| 5.5 | \|\|\| | 3 |
| 5.6 | \|\|\| | 3 |
| 5.7 | 卌 | 5 |
| 5.8 | 卌 | 5 |
| 5.9 | 卌 \|\|\| | 8 |
| 6.0 | 卌 \|\| | 7 |

23. (a) 12 વિદ્યાર્થીઓ (b) 8 વિદ્યાર્થીઓ

| ગુણ | આવૃત્તિ-ચિહ્ન | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| 1 | \|\| | 2 |
| 2 | \|\|\| | 3 |
| 3 | \|\|\| | 3 |
| 4 | 卌 \|\| | 7 |
| 5 | 卌 \| | 6 |
| 6 | 卌 \|\| | 7 |
| 7 | 卌 | 5 |
| 8 | \|\|\|\| | 4 |
| 9 | \|\|\| | 3 |

24. (b) વિદ્યાર્થીઓને સૌથી વધુ લાડુ પસંદ છે.


| મીઠાઈ | આવૃત્તિ-ચિહ્ન | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| લાડુ | 卌 卌 \| | 11 |
| બરફી | \|\|\| | 3 |
| જલેબી | 卌 \|\| | 7 |
| રસગુલ્લા | 卌 \|\|\|\| | 9 |
| | | 30 |

25. (a) આપેલ લંબ આલેખ, અઝીઝે અર્ધવાર્ષિક પરીક્ષામાં જુદા જુદા વિષયમાં મેળવેલ માર્કસની માહિતી આપે છે.
(b) હિન્દી વિષયમાં અઝીઝે સૌથી વધુ માર્કસ મેળવ્યા છે.
(c) સમાજશાસ્ત્ર વિષયમાં અઝીઝે સૌથી ઓછા માર્કસ મેળવ્યા છે.
(d) વિષયનાં નામ : મેળવેલ માર્કસ
હિન્દી : 80 ; અંગ્રેજી : 60 ; ગણિત : 70 ; વિજ્ઞાન : 50 ; સમાજશાસ્ત્ર : 40

26. (1) ગણિત (2) ગુજરાતી (3) હિન્દી અને સા. વિજ્ઞાન (4) હિન્દી અને સા. વિજ્ઞાન

BHAVDIP VADHER (E-LEARNING)

27. ચાણસ્મા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ રોપેલા છોડ




28. (a) સૌથી નાનો અંક 1 એ 7 વખત છે. (b) સૌથી મોટો અંક 6 એ 7 વખત છે. (c) અંક 1 અને અંક 6 સરખી વખત દેખાય છે.

| સંખ્યા | આવૃત્તિ-ચિહ્ન | કેટલી વાર ? |
|---|---|---|
| 1 | 卌 II | 7 |
| 2 | 卌 I | 6 |
| 3 | 卌 | 5 |
| 4 | IIII | 4 |
| 5 | 卌 卌 I | 11 |
| 6 | 卌 II | 7 |

29. (i) ગામ D માં સૌથી ઓછી સંખ્યામાં ટ્રેક્ટર છે. (ii) ગામ C માં સૌથી વધારે સંખ્યામાં ટ્રેક્ટર છે. (iii) ગામ B માં 5 અને ગામ C માં 8 ટ્રેક્ટર છે. તેથી, ગામ C માં 3 ટ્રેક્ટર વધારે છે. (iv) પાંચ ગામમાં કુલ 28 ટ્રેક્ટર છે.

30. (a) શુક્રવારે 14 બલ્બ વેચવામાં આવ્યા. (b) રવિવારે સૌથી વધુ બલ્બ વેચવામાં આવ્યા. (c) બુધવાર અને શનિવારે સરખી સંખ્યામાં બલ્બ વેચવામાં આવ્યા.
(d) બુધવાર અને શનિવારે સૌથી ઓછા બલ્બ વેચાયા. (e) અઠવાડિયામાં 10 બૉક્સ જોઈએ.

31.

| | ⊗ 10- પ્રાણીઓ |
|---|---|
| ગામ A | ⊗ ⊗ ⊗ ⊗ ⊗ ⊗ ⊗ ⊗ |
| ગામ B | ⊗ ⊗ ⊗ ⊗ ⊗ ⊗ ⊗ ⊗ ⊗ ⊗ ⊗ ⊗ |
| ગામ C | ⊗ ⊗ ⊗ ⊗ ⊗ ⊗ ⊗ ⊗ ⊗ |
| ગામ D | ⊗ ⊗ ⊗ ⊗ |
| ગામ E | ⊗ ⊗ ⊗ ⊗ ⊗ ⊗ |


(a) 6 (b) ગામ B (c) ગામ C

32. (a) 2002 ની સાલના વિદ્યાર્થીઓ દર્શાવવા માટે 6 ચિહ્નની જરૂર પડશે.
(b) 1998 ની સાલના વિદ્યાર્થીઓ દર્શાવવા માટે 5 પૂર્ણ ચિહ્ન અને 1 અપૂર્ણ ચિહ્નની જરૂર પડશે.





BHAVDIP VADHER (E-LEARNING)

33. ચિહ્ન 50 વિદ્યાર્થીઓ દર્શાવે છે.





34. (a) ઉપરનો લંબ આલેખ, સોમવારથી શનિવાર સુધીમાં વેચાયેલા શર્ટની સંખ્યાની માહિતી આપે છે.
(b) શર્ટની સંખ્યા દર્શાવવા માટે આડી હરોળ પર '1 એકમ લંબાઈ = 5' શર્ટ પ્રમાણમાપ પસંદ કરેલ છે.
(c) શનિવારે સૌથી વધુ શર્ટનું વેચાણ થયું છે અને તે દિવસે 60 શર્ટ વેચાયાં.
(d) મંગળવારે સૌથી ઓછી સંખ્યામાં શર્ટ વેચાયાં.
(e) ગુરુવારે 35 શર્ટ વેચાયાં.


35. વિધાર્થીઓ રમત સિવાય વાર્તાની ચોપડી વાંચવી વધુ પસંદ કરે છે




36.





37. (a) વર્ષ 2002 માં, સૌથી વધુ સાઇકલ તૈયાર કરવામાં આવી હતી.
(b) વર્ષ 1999 માં, સૌથી ઓછી સાઇકલ તૈયાર કરવામાં આવી હતી.





BHAVDIP VADHER (E-LEARNING)

38. (a) વયજુથ 30 -44 અને 45 - 59, આ બે જુથમાં સરખી વસ્તી હશે.

(b) શહેરમાં સિનિયર સિટીઝન(60 અને તેથી વધારે ઉંમર)ની સંખ્યા 1,20,000 છે.




39.




40.

| ગુણ | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 |
|---|---|---|---|---|---|---|---|---|---|
| આવૃતિ | 2 | 3 | 3 | 7 | 6 | 7 | 5 | 4 | 3 |


(1) 7 વિદ્યાર્થીઓએ 8 કે 8થી વધુ ગુણ મેળવ્યા છે

(2) 21 વિદ્યાર્થીઓએ 5 કે 5થી ઓછા ગુણ મેળવ્યા છે


41.

| ફળ | કેરી | પપૈયું | ચીકુ | બોર | જામફળ | સફરજન |
|---|---|---|---|---|---|---|
| પસંદગી | 12 | 4 | 7 | 3 | 6 | 8 |

42.




43.




BHAVDIP VADHER (E-LEARNING)

44.

| વાર | વંચાયેલાં પુસ્તકો    △ = 10 પુસ્તક |
|---|---|
| સોમવાર | △ △ △ △ △ △ △ △ |
| મંગળવાર | △ △ △ △ △ △ |
| બુધવાર | △ △ △ △ △ △ △ ∠ |
| ગુરુવાર | △ △ △ △ △ △ △ △ ∠ |
| શુક્રવાર | △ △ △ △ △ △ △ |
| શનિવાર | △ △ △ △ △ |
| રવિવાર | △ △ △ △ ∠ |

45. (1) સોમવારે; રૂ.90,000   (2) રવિવારે; રૂ.40,000   (3) બુધવારે અને શુક્રવારે; રૂ.70,000   (4) રૂ.65,000   (5) રૂ. 75,000

46. જાતે કરો

47. જાતે કરો

48. જાતે કરો

49. જાતે કરો

50. ( i ) 9 (ii) 7 (iii) 21 (iv) 2 (v) 

BHAVDIP VADHER (E-LEARNING)